| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ | | | |
| દાખલ તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ | | | |
| ફૈંસલ તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ | | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૦ | ૦૩ | ૨૩ | |

**પારડીના મહે. અધિક જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. પારડી.**

ક્રિમીનલ કેસ નં. ૧૨૩૨/૨૦૨૬

આંક–

**ફરિયાદી** :– શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી** : – (૧) જય સતીષભાઈ નારણભાઈ કો.પટેલ,ઉ.વ. ૨૭,

(૨) ભાવીન ઉર્ફે ભાવુ મનોજભાઈ ખાલપભાઈ કો.પટેલ, ઉ.વ. ૨૭,

(૩) હર્ષલકુમાર ચંપકલાલ છગનલાલ કો.પટેલ, ઉ.વ. ૨૮,
ત્રણેય રહે. કોટલાવ ગામ, કોળીવાડ ફળીયુ,
તા.પારડી, જી.વલસાડ

| | |
|---|---|
| ગુનો | **ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઈ,૯૮(૨), ૮૧,૧૧૬(ખ) મુજબનો..** |

| | |
|---|---|
| **ફરિયાદ પક્ષે** | **વિ.એ.પી.પી.શ્રી આર.સી.પટેલ** |
| **આરોપીઓ પક્ષે** | **વિ. વ. શ્રી એ.આર.દેસાઈ...** |

| | |
|---|---|
| **સમક્ષ** | **શ્રી પી.એ.શર્મા , મહે.શ્રી અધિક જ્યુ.મેજી.ફ.ક.,પારડી.** |

**–:: ઠરાવ :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ– ૧૯/૧૦/૨૦૨૫ ના રોજ કલાક–૧૪/૦૦ વાગ્યે મોજે– ઉમરસાડી ગામની સીમમાં કલસરથી વલસાડ તરફ જતા કોસ્ટલ હાઇવે રોડની સામે શાંતી એકલેવ બંગ્લોની સામે કોસ્ટલ રોડ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે કોલમ નં–(૧૧)(૧,૨,૩)માં જણાવેલ તહમોતદારો–(૧) જય S/O સતીષભાઇ નારણભાઇ કો.પટેલ ઉ.વ–૨૭ ધંધો–બેકાર રહે. કોટલાવ ગામ,કોળીવાડ ફળીયુ તા.પારડી, જી.વલસાડ તથા (૨) ભાવીન ઉર્ફે ભાવુ S/O મનોજભાઇ ખાલપભાઇ કો.પટેલ ઉ.વ–૨૭ ધંધો–બેકાર રહે. કોટલાવ ગામ, કોળીવાડ તા.પારડી, જી.વલસાડ તથા (૩) હર્ષલકુમાર S/O ચંપકલાલ છગનલાલ કો.પટેલ ઉ.વ–૨૮ ધંધો– બેકાર રહે. કોટલાવ ગામ, કોળીવાડ તા.પારડી, જી.વલસાડ નાઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબજાની હુન્ડાઇ કંપનીની આઇ.૧૦ કાર નંબર–GJ–15–CF–1774 જેનો ચેચીસ નંબર–MALA851DLFM381109, એન્જીન નંબર– D3FAFM480256 ની કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/–ની અંદર પાછળની સીટના ભાગે મીણીચાના થેલાઓમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બાટલીઓ /બીયર ટીન મળી કુલ્લે નંગ–૩૧૨ ( ૭૯ લિટર) કિંમત રૂપિયા ૬૦,૩૩૬/– પ્રોહી મુદ્ધામાલ રાખી વાહતુક કરી લઇ આવતા પોલીસ નાકા બંધી દરમ્યાન પકડાયેલ તહો.ની અંગઝડતી માંથી મોબાઇલ નંગ–૦૧ કિંમત રૂપિયા ૫૦૦૦/– મળી કુલ્લે કિંમત રૂપિયા ૩,૬૫,૩૩૬/– નો મુદ્ધામાલ સાથે પકડાઇ જઇ ગુન્હો કરેલ હોય, બનાવની વિગતે આ કામના ફરીયાદીએ પા.પો.સ્ટે.III.માં ગુ.ર.નં. ૪૩૩૫/૨૦૨૫ થી પ્રોહીબીશન એકટની કલમ:૬૫એઈ,૯૮(૨),૮૧,૧૧૬(ખ) મુજબનો ગુનો નોંધવામાં આવેલો અને આ ગુનાની પોલીસ તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અધિક જયુ.મેજી. ફ.ક. સાહેબનીત્રે અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપીઓ હાજર થતાં જેઓની ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને ગુના વિશે સમજ કરી, આંક–૦૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી આંક–૦૭ આરોપીઓ ની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવા :–**

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | આંક–૦૮ થી પંચ ગીરીશભાઈ રમેશભાઈ પટેલની જુબાની |
| ૨. | આંક–૧૦ થી પંચ ક્રિષ્ણા શૈલેષભાઈ પટેલની જુબાની |
| ૩. | આંક–૧૧ થી ત.ક.અ. ચંદુભાઈ સુરપાલભાઈ સંગાડાની જુબાની |

## –: <u>દસ્તાવેજી પુરાવા</u> :–

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | આંક–૦૯ થી મુદામાલ રીકવરી પંચનામાની નકલ |
| ૨. | આંક–૧૨ થી ફરીયાદની નકલ |

(૫) ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદો તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ **<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઈમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી. પાના નં. ૮૫</u>** ના ચુકાદામાં નામદર કોર્ટે ઠરાવેલ છે કે, જયારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સંજોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીઓના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી.

(૭) ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ

કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. ગઇ તારીખ–૧૯/૧૦/૨૦૨૫ ના રોજ કલાક–૧૪/૦૦ વાગ્યે મોજે– ઉમરસાડી ગામની સીમમાં કલસરથી વલસાડ તરફ જતા કોસ્ટલ હાઇવે રોડની સામે શાંતી એકલેવ બંગ્લોની સામે કોસ્ટલ રોડ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે કોલમ નં–(૧૧)(૧,૨,૩)માં જણાવેલ તહમોતદારો–(૧) જય S/O સતીષભાઇ નારણભાઇ કો.પટેલ ઉ.વ–૨૭ ધંધો–બેકાર રહે. કોટલાવ ગામ,કોળીવાડ ફળીયુ તા.પારડી, જી.વલસાડ તથા (૨) ભાવીન ઉર્ફે ભાવુ S/O મનોજભાઇ ખાલપભાઇ કો.પટેલ ઉ.વ–૨૭ ધંધો–બેકાર રહે. કોટલાવ ગામ, કોળીવાડ તા.પારડી, જી.વલસાડ તથા (૩) હર્ષલકુમાર S/O ચંપકલાલ છગનલાલ કો.પટેલ ઉ.વ–૨૮ ધંધો–બેકાર રહે. કોટલાવ ગામ, કોળીવાડ તા.પારડી, જી.વલસાડ નાઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબજાની હુન્ડાઇ કંપનીની આઇ.૧૦ કાર નંબર–GJ–15–CF–1774 જેનો ચેચીસ નંબર–MALA851DLFM381109, એન્જીન નંબર–D3FAFM480256 ની કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/–ની અંદર પાછળની સીટના ભાગે મીણીયાના થેલાઓમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બાટલીઓ /બીયર ટીન મળી કુલ્લે નંગ–૩૧૨ ( ૭૯ લિટર) કિંમત રૂપિયા ૬૦,૩૩૬/– પ્રોહી મુદ્ધામાલ રાખી વાહતુક કરી લઇ આવતા પોલીસ નાકા બંધી દરમ્યાન પકડાયેલ તહો.ની અંગઝડતી માંથી મોબાઇલ નંગ–૦૧ કિંમત રૂપિયા ૫૦૦૦/– મળી કુલ્લે કિંમત રૂપિયા ૩,૬૫,૩૩૬/– નો મુદ્ધામાલ સાથે પકડાઇ જઇ ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

(૮) મારા જવાબ નીચે મુજબ છે. :–

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–:<u>કારણો</u>:–**

**<u>મુદ્દા નં. ૧</u>**

**(૯)** આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શં કપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંન કરવામાં આવેલ છે.

**(૧૦)** સદર કામે અનુક્રમે આંક–૦૮ થી પંચ ગીરીશભાઈ રમેશભાઈ પટેલને તથા આંક–૧૦ થી પંચ ક્રિષ્ણા શૈલેષભાઈ પટેલને તપાસેલ છે.સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર  પંચસાહેદો તેમની જુબાની દરમ્યાન આંક–૦૯ થી મુદામાલ રીકવરી પંચનામું રજુ રાખે છે. પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પં ચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચ સાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પં ચસાહેદોની જુબાની તથા આંક–૦૯ થી મુદામાલ રીકવરી  પંચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૧)** ફરિયાદપક્ષ તરફથી આંક–૧૧ થી ત.ક.અ. ચં દુભાઈ સુરપાલભાઈ સંગાડાનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ પોતાની જુબાનીમાં સમર્થનકારી હકીકત જણાવેલ છે.

ત.ક.અ.નો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, '' હુ હાલમાં પારડી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવું છું. ગઈ તા. ૦૨/૦૧/૨૩ ના રોજ હુ પારડી પોલીસ સ્ટેશનમાં હે.કો. તરીકે ફરજ પર હતો તે દરમ્યાન હુ તથા પો.કો.ધનશ્યામભાઈ આલાભાઈ બ.નં–૫૭૮ તથા પો.કો.કિરીટસિંહ દિલીપસિંહ બ.ન–૪૦ તથા પો.કો. મયુરસિંહ કનકસિંહ બ.નં– ૧૨૫ તથા બે પંચો (૧) ગીરીશભાઈ રમેશભાઈ પટેલ ઉ.વ–૩૬ રહે. પારડી કોલેજ રોડ અંબાલાલની વાડી તા. પારડી, જી.વલસાડ તથા (૨) ક્રિષ્ના ઉર્ફે કલમ શૈલષભાઈ પટેલ ઉ.વ. ૩૬ રહે. પારડી પોલીસ લાઈનની પાછળ તા.પારડી, જી.વલસાડ નાઓ સાથે ખાનગી વાહનમાં બેસી પારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/વણશોધાયેલ મિલકત સબંધી અંગેના ગુન્હાઓ શોધી કાઢવા માટે પેટ્રોલીગમાં હતા તે સમયે ફરતા ફરતા પલસાણા નવી નગરી ખાતે આવતા અમોને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, એક ગે કલરની હુન્ડાઈ કંપનીની આઈ.૧૦ કાર નંબર–GJ–15–CF–1774 નો ચાલક તથા તેની સાથે કારમાં બેસે અન્ય બે ઈસમો પોતાના કબજાની કારમાં દમણ ખાતેથી ઝેર કાયદેસર રીતે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી કોસટલ હાઈવે ઉપરથી પારડી કોટલાવ ગામ તરફ જનાર છે જે બાબતી હકિકતથી અમોએ સાથેના એ.એસ.આઈ.કાનજીભાઈને વાકેફ કરતા તેમણે ઉપરોકત બાતમી હકિકતથી સાથેના પંચો તેમજ પોલીસન માણસોને વાફેક કરી બાતમી હકિકત નંબર વાળી– આઈ.૧૦ કાર નંબર–GJ–15–CF–1774 ની વોચમાં જવા રવાના થયેલ અને ઉમરસાડી કોસ્ટલ હાઈવે વલસાડ તરફ જતા રોડ ઉપર શાંતી એકલેવ બંગલોઝની સામે રોડ ઉપર આવી અમારૂ વાહન સંતાડી છોટા છવચા કારની વોચમાં ઉભા હતા તે સમયે ઉપરોકત બાતમી કકિત નંબર વાળી આઈ.૧૦ કાર નંબર– GJ–15–CF–1774 ની આવતી હોય જેથી કાર ચાલકને કાર ઉભી રાખવા માટે લાકડી વડે ઈશારો કરતા કાર ચાલકે પોતાની કાર ઉભી રાખેલ નહી અને આગળ હંકારી મુકેલ જેથી અમો

પોલીસ તથા પંચોના માણસો અમારા ખાનગી વાહનામાં બેસી કારનો પીછો કરતા હતા તે વખતે કાર ચાલક રોડ, ઉપર આવેલ બમ્પર જોરમાં કુદાવેલ બાદ કાર થોડી અગાળ જઈ એકાએક ઉભી રહી ગયેલ જથી આમારૂ વાહન કાર પાછળ ઉભી રાખી કારમાંથી ઉતરી કાર ચાલક તથા કારમાં બેસેલ અન્ય બે ઈસમોને પકડી લિધેલ જે કારમાં પંચો રૂબરૂ જોતા કારમાં પાછળની સીટના લેવલ સુધી મીણીયાની થેલીઓમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બાટલી/બીયર ટીન મળી આવેલ જેથી સાથેના એ.એસ.આઈ.ચંદુભાઈએ ત્રણે ઈસમોને પાસે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બાટલીઓ રાખી લઈ જવ બાબતે પાસ પરમીટની માંગણી કરતા તેમણે પોતાની પાસે કોઈ પાસ પરમીટ નહી હોવાનુ જણાવેલ જાંજડ સાથેના એ.એસ.આઈ.ચંદુભાઈએ વારફરતી ત્રણે ઈસમોના નામઠામ પુછતા નં- (૧) કાર ચાલકે પોતાનુ નામ- જય સતીષભાઈ કો. પટેલ ઉ.વ-૨૭ રહે.કોટલાવ ગામ, કોળીવાડ તા.પારડી, જી.વલસાડ તથા કારમાં બાજુની સીટ ઉપર બેસેલ ઈસમે નં-(૨) પોતાનુ નામ- ભાવીન મનોજભાઈ કો.પટેલ ઉ.વ-૨૭ રહે. કોટલાવ ગામ, કોળીવાડ તા.પારડી, જી.વલસાડ તથા પાછળ બેસેલ નંબર-(૩) ઈસમે પોતાનુ નામ- હર્ષલકુમાર ચંપકલાલ કો.પટેલ ઉ.વ-૨૮ રહે. કોટલાવ ગામ, કોળીવાડ તા.પારડી, જી.વલસાડ ના હોવાનું જણાવેલ હતુ સદરહુ જગ્યા જોતા કલસર બે માઈલથી વલસાડ તરફ જતા કોસ્ટલ હાઈવે ઉપર આવેલ હોય અને તેના ઉપર વાહનોની અવર જવર ચાલુ હોય અને કારમાંથી મળી આવેલ પ્રોહી જથ્થો કાઢી ગણવમાં અગવડતા ઉભી થતી હોય જેથી પકડાયેલ ત્રણે ઈસમોને અમારા ખાનગી વાહનમાં બેસાડી દારૂ ભરેલ કાર ચાલુ કરવા જતા કાર ચાલુ થયેલ નહી જેથી થોડી વારમાં ક્રેઈન આવતા પકડાયેલ ત્રણ ઈસમો તથા પ્રોહી જથ્થો ભરેલ કાર ક્રેઈન મારફતે ટોઈંગ કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે પારડી પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી કારમાંથી પંચો રૂબરૂ ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બાટલીઓ/બીયર ટીન ભરેલ મીણીયાની થેલીઓ ઉતારી ગણી જોતા તમામ કંપની

સીલબંધ બોટલ મુદ્દામાલ કુદો નંગ–૩૧૨ ( ૭૯ લિટર) કિંમત રૂપિયા ૬૦,૩૩૬/– નો મુદામાલ મળી આવેલ. ત્યારબાદ પંચોની સહીઓ વાળી કાગળની કાપલી દોરાવડે બાંધી લઈ લાખથી સીલ કરી સીલબંધ બાટલીઓ તથા મળી આવેલ ભારતીય બનાવટની (ઇંગ્લીશ દારૂની બાટલીઓ/બીયર ટીન મળી કુલ્લે નંગ–૩૧૨ (૭૯ લિટર) કિંમત રૂપિયા ૬૦,૩૩૬/– પ્રોહી મુદ્દામાલ ગણી તથા પ્રોહી મુદ્દામાલ વાહતુક કરવામાં ઉપયોગમાં લીધેલ ગ્રે કલરની હુન્ડાઈ કંપનીની આઈ. ૧૦ કાર નંબર–GJ–15–CF–1774 જેની કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– ગણી શક્ય તેમજ પકડાયેલ ઇસમોની ઝડતી કરતા ચાલક ઇસમ જય સતીષભાઈ કો.પટેલના પેન્ટના ખીસ્સામાંથી એક એપ્લ કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ જેની કિંમત રૂપિયા ૫૦૦૦/–ગણી મળી કુલ્લે કિંમત રૂપિયા ૩,૬૫,૩૩૬/–નો મુદ્દમાલનુ પંચનામું મારી પાસેના મોબાઈલ ફોનમાં ઈ–સાક્ષ્ય એપ્લીકેશન મારફતે વિડીયોગ્રાફી કરતા હતા પરંતુ ટેકનીકલ ફોલટના કારણે ઈ. સાક્ષ્ય ન થતા મોબાઈલ મારફતે વિડીયોગ્રાફી તેમજ ફોટો ગ્રાફી કરવામાં આવેલ છે. બનાવ બાબતે અ પો કો નીતીનભાઈ ભીખાભાઈ નાઓએ પ્રોહી એકટ કલમ ૬૫(એઇ), ૯૮(૨),૮૧, ૧૧૬(ખ) મુજબ કાયદેસર થવા ફરીયાદ આપેલ. મને ફરીયાદ ઝેરોક્ષ બતાવવામાં આવે છે તેમા નીતીનભાઈની સહી છે જે હુ ઓળખુ છુ. ફરીયાદ રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે. તપાસના કામે પ્રોહી મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ તથા લાગતા વળગતા પોલીસ સાહેદોના નિવેદન મેળવી તેમજ આરોપીની અટક કરેલ. ત્યારબાદ તપાસના કામે અમોએ પ્રોહી મુદામાલ સેમ્પલની બાટલી એફ.એસ.એલ. વલસાડ ખાતે મોકલી આપેલ હોય જેનુ પૃથ્થકરણ સર્ટી આ કામે રજુ છે. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય અમોએ ના.કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ. હુ આરોપીને જોયે ઓળખી શકુ છુ.''

(૧૧.૧) જયારે આરોપી તર્ફે ઉલટતપાસમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, '' એ વાત ખરી છે કે બનાવ વાળુ સ્થળ જાહેર રસ્તો છે અને સતત વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે પંચનામુ બનાવના સ્થળે કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામના પંચો અવાર નવાર પ્રોહી ગુનામાં પંચો તરીકે રહેતા આવેલ છે. એ વાત ખરી છે કે વાહન આરોપીના નામનુ નથી. એ વાત ખરી છે કે તપાસના કામે કોઈપણ સાહેદના નીવેદન મે લીધેલ નથી. એ વાત ખરી નથી કે ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

(૧૨) આ સિવાય ફરિયાદપક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. બનાવ સમયે હાલના આરોપીઓના વાઈન શોપમાંથી પ્રોહી મુદામાલ ભરાવ્યો હોઈ એવુ બનેલુ નથી સોગંદ ઉપર પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. તપાસ સોં પતાં ત.ક.અ.એ તપાસ સંભાળી તપાસના અંતે આરોપી સામે પુરાવો આવતાં કોર્ટમાં ચાર્જશીટ કરેલાનો સોગંદ ઉપર પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. સદર કામે તપાસેલા સાહેદ પોલીસ સાહેદ છે તેઓને ઈન્ડીપેન્ડેન્ટ વિટનેસ ગણી શકાય નહી જેથી તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૧૨.૧)પરંતુ, આંક–૦૮ થી પંચ ગીરીશભાઈ રમેશભાઈ પટેલને તથા આં ક–૧૦ થી પંચ ક્રિષ્ણા શૈલેષભાઈ પટેલનો સોગંદ ઉપરનો પુરાવો વં ચાણે લેવામાં આવે તો, પંચ સાહેદનાએ બનાવવાળી હકીકતને કે તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલાને કે પંચસાહેદની હાજરીમાં પ્ર ોહી. મુદ્દામાલ કબજે કરવામાં આવેલાની હકીકતને કે તે અંગેનું આં ક–૦૯ થી મુદામાલ રીકવરી પંચનામું પંચસાહેદની રુબરુમાં કરવામાં આવેલાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદ

પક્ષે પંચસાહેદને ફરી ગયેલા જાહેર થયેલા છે. આમ, રજુ થયેલ આં ક–૦૮ થી પંચ ગીરીશભાઈ રમેશભાઈ પટેલને તથા આંક–૧૦ થી પંચ ક્રિષ્ણા શૈલેષભાઈ પટેલનો સોગંદ ઉપર પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું નથી અને પંચનામાની વિગત પુરવાર થતી નથી તેથી ફરીયાદ પક્ષે પંચ સાહેદનો પુરાવો સમર્થન વિનાનો જણાય છે.

(૧૨.૨) ઉપરાંત, પોલીસ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદન લીધેલ નથી. જે રીતે ફરીયાદ પક્ષનો કેસ છે તે પ્રમાણે વાં ધાજનક મુદામાલ આરોપીના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીઓ નો કોઈ પણ પ્ર કારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી ગુજરાત પ્રોહી એકટની કલમ–૧ ૦૩ પ્રમાણે સાબીતીનો બોજો આરોપીઓ ઉપર જાય, પરંતુ હાલના કેસમાં પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી. આ કામે આરોપીઓ પાસેથી મુદામાલ મળી આવેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીઓ પાસેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે મુદામાલ વિદેશી દારૂ કબજે કરવામાં આવેલાનું પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૧૨.૩) **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ પટેલ** નો ચુકાદો જો જોવામાં આવે તો પંચો સમર્થન કરતાં નથી ત્યારે ફરીયાદ પક્ષનો પુરાવો ઉપર આધાર રાખી શકાય નહીં, તેવુ નામદાર હાઈકોર્ટે. ઠરાવેલ છે.તેમજ ફરીયાદ પક્ષની એ ફરજ છે કે, કબ્જે કરવામાં આવેલ મુદામાલ ઈંગ્લીશ દારૂ છે. તે પુરવાર કરે. તેમજ કબ્જે કરવામાં આવેલ મુદામાલ દારૂ છે તે પુરવાર કરવા માટે મેન્યુફેકચર કંપનીનું અસલ સીલ પુરવાર કરવુ પડે તો જ પ્રોહીબીશનની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન દોરી

શકાય. તે સીવાય આવુ અનુમાન દોરી શકાય નહીં. જયાં સુધી ફરીયાદ પક્ષ સદર હકીકત પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં.**સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભામા કાળીદાસ પટેલનો ચુકાદો ૧૯૮૫(૨) જી.એલ.આર પાના નં.૭૪૫** ના ચુકાદામાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, અનુમાન દોરતા પહેલાં એ પુરવાર કરવુ પડે કે બોટલ ઉપર સીલ અસલ હતુ અને જાણીતી બ્રાન્ડ કંપનીનું નામ અસલ હતુ.**૧૯૯૧ (૧) જી.એલ.આર પાના નં.૪૩૩** પર પ્રકાશીત થયેલ **ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ છે કે જો કબ્જે કરેલ દારૂની બોટલના લેબલ તથા શીલ અંગે કંપનીના અધિકારીને તપાસયા ન હોય તો બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહીં.**૧૯૯૨ (૨) જી.એલ.એસ (યુજે ૧૧) ૨૦ ગુલાબભાઈ રણછોડભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ છે કે દારૂ બનાવનાર કંપનીના અધિકારીને મુદામાલ બોટલના સીલ તથા લેબલની સત્યતા અંગે તપાસ્યા સીવાય બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહીં .હાલના કેસમાં પણ ફરીયાદી કે તપાસ કરનાર અમલદાર ધ્વારા એવો કોઈ જ પુરાવો આપવામાં આવેલ નથી કે બાટલી ઉપર અસલ સીલ હતુ કે તે સીલ કઈ કંપનીનું હતુ. તેમજ સદર કામે દારૂ બનાવનાર ઉત્પાદક કંપનીના માલીકનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં અનુમાન થઈ શકે નહીં. તેમજ ત.ક.અ એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે તે પંચો ફરી ગયેલ જાહેર થયેલ છે અને તેઓ ફરીયાદ કેસને સમર્થન કરતા નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓને પ્રોહીબીટેડ

મુદામાલ સાથે અટક કર્યાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટે હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજયના ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને અન્ય હકીકતથી ફરીયાદ કેસને સમર્થન મળતુ ન હોય તો આરોપીઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**(૧૨.૪)** અગાઉ ચર્ચા કરી તે મુજબ પંચસાહેદના સોગંદ ઉપર પુરાવાથી ત.ક.અ.ના સોગંદ ઉપર પુરાવાને લેસમાત્ર સમર્થન મળતું નથી, પોલીસ સીવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને પોલીસ સાહેદ હીત ધરાવનાર હોય જેથી તટસ્થ તપાસનો પણ અભાવ જોવા મળે છે. જેથી માત્ર પોલીસ સાહેદોના નિવેદનના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં અને તેથી આ કામના આરોપીઓ સામે ફરીયાદપક્ષે ખોટો કેસ કરેલો હોવાનું આરોપીઓ પક્ષના વિ.વ.શ્રીઓની દલીલોમાં તથ્ય જણાય છે. આમ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં આ કામના આરોપીઓ પાસેથી ફરીયાદમા જણાવેલ કોઈ મુદ્દામાલ મેળવેલ હોય તેવું સ્પષ્ટ પણે પુરવાર થતું નથી.

**(૧૩)** આમ, ઉપરોકત ચર્ચાને જોતાં તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આ કામના આરોપીઓ સામે આક્ષેપ કરવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે :

**-// <u>હુકમ</u> //-**

(૧) આરોપીઓ:-(૧)જય સતીષભાઈ નારણભાઈ કો.પટેલ (૨)

ભાવીન ઉર્ફે ભાવુ મનોજભાઈ ખાલપભાઈ કો.પટેલ(૩) હર્ષલકુમાર ચંપકલાલ છગનલાલ કો.પટેલને ક્રિ.પો.કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮ આરોપીને પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ:૬૫એઈ,૯૮(૨),૮૧,૧૧૬(ખ) અન્વયેના શિક્ષાનેપાત્ર ગુનામાંથી પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ વિદેશી દારૂનો નાશ કરવો, મુદામાલ હુન્ડાઈ કંપનીની આઇ.૧૦ કાર નંબર–GJ–15–CF–1774 તથા મોબાઈલ નંગ–૧ અંગે વચગાળાનો હુકમ અપીલ સમય વિત્યેથી કાયમ રાખવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ થયો ન હોય તો માલિકીનો પુરાવો લઈ અપીલ સમય વિત્યેથી મુદામાલ વાહન માલિકને પરત કરવી.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ અદાલતમાં આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પારડી.

તા. ૧૩/૦૮/૨૦૨૬

**(પી.એ.શર્મા)**
**અધિક સીવીલ જજ અને**
**જે.એમ.એફ.સી.પારડી**
**જી.જે. ૦૧૬૭૦**